ગુજરાત સમાચાર plus

CITY TALKS | BOLLYWOOD | EVENTS FASHION MOVIES NEWS FOOD FUNDA GADGET CULTURE AUTOMOBILES | TECHNOLOGY | TELLYWOOD

SATURDAY,
08 September 2018

For more News Click » www.gujaratsamachar.com

www.chipsairexp.com
પરદેશ પાર્સલ સેવા
CHIPS
Express Pvt. Ltd.
Ph. 079-26300326•6303070
M. 9898429666•9898905632

# ભારતમાં 10 લાખ લોકોમાંથી માત્ર 0.2% લોકો ઓર્ગન ડોનેટ કરે છે

## IIT-GN ખાતે અનિલ શ્રીવાસ્તવે ઓર્ગન ડોનેશન વિશે સ્ટુડન્ટસને માહિતી આપી

વસ્તીની દ્રષ્ટિએ ભારત વિશ્વનો બીજા ક્રમાંકનો દેશ છે, જ્યારે ઓર્ગન ડોનેશન રેશિયો જોવામાં આવે તો તેમાં ભારતમાં ૧૦ લાખ લોકોએ માત્ર ૦.૨ ટકા લોકો ઓર્ગન ડોનેટ કરે છે. જે કદાચ વૈશ્વિક લેવલે સૌથી ઓછું છે. તેમ આઇઆઇટી ગાંધીનગર ખાતે આવેલા ઓર્ગન ડોનેશન ડ્રાઇવ ચલાવતા અનિલ શ્રીવાસ્તવે કહ્યું હતું. આઇઆઇટી ખાતે વધુમાં તેમણે ઉમેર્યું કે, ઓર્ગનને ડોનેટ કરવા માગતા લોકોએ એનજીઓ કે કોઇ સંસ્થાને જાણકારી આપવાના બદલામાં તેમના ફેમેલી મેમ્બરને આપવી જોઇએ. કારણ કે, મૃત્યુ બાદ બોડી પર પ્રથમ હક ફેમેલી મેમ્બરનો હોય છે. તેથી ઘણી વખત ઓર્ગન ડોનેટ કરવા માગતી વ્યક્તિ પણ ડોનર બની શકતી નથી. ઓર્ગન ડોનેશનની પ્રક્રિયા સામાન્ય છે, માત્ર લોકોએ તેને સમજવાની જરૂર છે. ઓર્ગન ડોનેટ કરવા માટે વ્યક્તિએ નોન-ઓબ્લિગેશન સર્ટીફિકેટની જરૂર રહે છે, જે સરાકરી સંસ્થામાંથી મળે છે.



### ઓર્ગન ડોનેટ કરવામાં મને જ ઘણી સમસ્યાઓ નડી હતી

ચાર વર્ષ પહેલા મારા ભાઇને કિડનીની જરૂર હતી ત્યારે મેં મારી કિડની ડોનેટ કરી હતી. પરંતુ તે સમયે મને ઘણી સમસ્યાઓ નડી હતી. સૌપ્રથમ મારે સરકારી એજન્સી માંથી ઓનઓસી સર્ટીફિકેટ મેળવવાનુ હતું. પરંતુ તેમા સરકારી અધિકારીઓની અનઇચ્છાના લીધે મુશ્કેલી થઇ હતી. ઉપરાંત ડૉક્ટર્સે પણ કિડની ડોનેટ ન કરવા કહ્યું હતું. ત્યારે મને ઓર્ગન ડોનેશન વિશે લોકો કેટલા જાગૃત છે તેની માહિતી મળી ત્યાંથી મારી સફર શરૂ થઇ હતી. - અનિલ શ્રીવાસ્તવ

### NOC મેળવવાની સરકારી પ્રક્રિયા જટિલ છે

ઓર્ગન ડોનેશન રેશિયો ખૂબ ઓછો હોવાના મુખ્ય બે કારણો છે. લોકોમાં ઓર્ગન ડોનેશન વિશે જાણકારીનો અભાવ અને ઓર્ગન ડોનેશન માટે મેળવવા પાત્ર ઓનઓસી જવાબદાર છે. ઘણી વખત ઓર્ગન ડોનેશન કરવા માટે સામાન્ય લોકોને એનઓસી સર્ટીફિકેટ સરકારી અધિકારીઓ પાસેથી ઝડપી મળતા નથી, એનઓસીની સરકારી પ્રક્રિયા જટીલ છે.

### 20,000 કિમીની યાત્રામાં 25,000 લોકોને મળશે

અનિલ શ્રીવાસ્તવ ઓર્ગન ડોનેશન અવેરનેસ માટે બેંગાલુરૂથી નેપાળ સુધીની ૨૦,૦૦૦ કિમીની યાત્રા કરે છે. યાત્રા દરમિયાન તેઓ ઓછામાં ઓછા ૨૫,૦૦૦ લોકોને મળવાનો ટાર્ગેટ રાખ્યો છે. ઉપરાંત યાત્રા સમયે રસ્તામાં આવતા સ્કૂલ કોલેજમાં ઓર્ગન ડોનેશન વિશે માહિતી આપી હતી.

લેભાગુ ટૂર ઓપરેટરો થી સાવધ રહો
અજય મોદીના દિવાળી પ્રવાસો
Sale
AMERICAN TOURISTER
Skybags
TOMMY HILFIGER

**Title:** Anil Srivatsa talked about organ donation at IITGN
**Source:** Gujarat Samachar (Plus, Pg. No. 01)
**Link:** http://gujaratsamacharepaper.com/nd/gsnews2.php?pageid=GUJARAT_GSP_20180908_1
**Date:** 08-09-2018